,, ,, શ્રી વિજયરામચંદ્ર સૂરયે નમઃ

,, ,, શ્રી વિજયલાવણ્ય સૂરયે નમઃ

,, ,, શ્રી ચંદ્રસાગર સૂરયે નમઃ

,, ,, શ્રી દેવેન્દ્રસાગર સૂરયે નમઃ

,, ,, શ્રી વિજયવિજ્ઞાન સૂરયે નમઃ

,, ,, શ્રી વિજયકસ્તુર સૂરયે નમઃ

,, ,, શ્રી વિજયચંદ્રોદય સૂરયે નમઃ

,, ,, શ્રી વિજયધર્મ સૂરયે નમઃ

,, ,, શ્રી વિજયરામ સૂરયે નમઃ

,, ,, શ્રી કીર્તિસાગર સૂરયે નમઃ

,, ,, શ્રી વિજયલક્ષ્મણ સૂરયે નમઃ

,, ,, શ્રી વિજયદક્ષ સૂરયે નમઃ

,, ,, શ્રી વિજયસુબોધસાગર સૂરયે નમઃ

,, ,, શ્રી કૈલાસસાગર સૂરયે નમઃ

,, ,, શ્રી વિદ્યાચંદ્ર સૂરયે નમઃ

આ ઉપરાંત પણ અનેક પૂજ્ય આચાર્યો—ઉપાધ્યાય ભગવંતો, ગણિવર્યો, તેમજ મુનિ ભગવંતો આદિના ઉપદેશ-પરિચયથી મને ઘણોજ આત્મ-બોધ પ્રાપ્ત થયેલ, તેથી તે સૌને પણ સબહુમાન પૂર્વક વંદના કરું છું.

વળી વિશેષે કરીને અનેક પૂજ્ય સાધ્વીજી મહારાજાઓની વિશુદ્ધ ભાવના સહિતના સ્વાધ્યાય-યોગથી મારા જ્ઞાનની શુદ્ધિ-વૃદ્ધિ થયેલી છે તેથી તે સૌ સાધ્વીજી મહારાજાઓને પણ, આથી સબહુમાન વંદના કરું છું.

વળી મને પુસ્તક, [illegible] પંડિત [illegible] ઉત્સાહપૂર્વક આભાર માનું છું. [illegible] ઉત્સાહપૂર્વક આભાર માનું છું.

આ "[illegible]" [illegible] આભાર માનું છું.

આ [illegible] પણ આભાર માનું છું.


[illegible]

સિદ્ધાંત [illegible], પંડિત શાન્તિલાલ કેશવલાલજી

[illegible]



સિદ્ધાંત પાક્ષિક લેખક અને પ્રકાશક



પંડિત શાંતિલાલ કેશવલાલ ભગત
ત્રિકાળાબાધિત-સૂત્ર-સિદ્ધાંત

કરેમિ ભંતે સામાઈયં, સવ્વંસાવજ્જં જોગં પચ્ચક્ખામિ જાવજ્જીવાએ, તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ, ન કારવેમિ, કરંતં પિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

(શરણું) લઇને આપણે આપણા આત્માને જન્મમરણથી રહિત-અનંત શાશ્વત સુખમય સિદ્ધગતિનો અધિકારી બનાવવો જોઇએ. આ માટે શાસ્ત્રમાં કહ્યું છે કે,

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
वीरियं उवओगोय, एयं जीयस्स लक्खणं ॥

વળી વ્યવહાર નયદૃષ્ટિએ શાસ્ત્રમાં જણાવેલ છે કે,

स्वयं कर्म करोति आत्मा, स्वयं तत् फलमश्नुते ।
स्वयं भ्रमति संसारे, स्वयमेव विनश्यति ॥१॥
यः कर्ता कर्म भेदानां, भोक्ता कर्मफलस्य च, ।
संसर्ता परिनिर्वाता, स ह्यात्मा नान्यलक्षणः ॥२॥

જૈન શાસ્ત્રમાં આત્માના અનેક-સ્વરૂપી, યોગ-વીર્ય પ્રવર્તનમાં પણ, મુખ્યપણે સુક્ષ્મ-બાદર મનોયોગનું-વિશેષ મહત્વ છે, કેમકે સંજ્ઞી-પંચેન્દ્રિય-પર્યાપ્તા જીવો જ, અનાદિ મિથ્યાત્વ-મોહને, ત્રણ કરણ (અધ્યવસાયની વિશુદ્ધિ) વડે, દૂર કરી-સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે, એમ શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલ છે. તેમજ સં. પં. પર્યાપ્તો તંદુલીયો, મત્સ્ય કેવળ તીવ્ર અશુભ મનોયોગથી, સાતમી નારકીના દુઃખોનો-કર્મ બંધ પ્રાપ્ત કરે છે. આ રીતે મનોયોગની વિશેષ મહત્તા જાણવી છે.

આથી જ મનશુદ્ધિ માટે કહ્યું છે કે :-

मनः शुद्धिमबिभ्राणा, ये तपस्यंति मुक्तये ।
त्यक्त्वा नावं भुजाभ्यां, ते तितीर्षंति महार्णवं ॥३॥

વળી મનોયોગની વિશેષતા માટે સ્પષ્ટ સમજવું કે મનોયોગથી-મિથ્યાદૃષ્ટિ આત્માને, આર્તરૌદ્રરૂપ દુર્ધ્યાનથી, નિરંતર તીવ્ર અશુભ કર્મબંધ થાય

જેણે મનને વશ કર્યું છે, તેવા સમાધિવાન આત્માને, યમ-નિયમાદિની શી જરૂર છે? તેમજ જેનું મન દુષ્ટ સંકલ્પો-વિકલ્પોથી ભરાયેલું છે, તેને પણ યમ-નિયમાદિથી શું લાભ થવાનો? જો કે પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત ભવાભિનંદી-બહિર્દૃષ્ટિ આત્માઓ, ઉપરના શ્લોકનો પરમાર્થ જાણવાને અસમર્થ હોઇ, ઉપર જણાવ્યા મુજબ અનેક અસત્ કલ્પનાઓ કર્યા કરે છે પરંતુ ખરેખર તો, ઉપરના શ્લોકના પ્રથમ-ચરણનો અર્થ, તે-કેવળ, કેવળી પરમાત્માને વિષે જ યુક્ત છે અને બીજા-ચરણનો અર્થ, તે-ભવાભિનંદી—બહિર્દૃષ્ટિ આત્માઓને લાગુ પડે છે. પરંતુ જેઓ સમ-સંવેગાદિ ભાવે પોતાના મનને, આર્ત-રૌદ્ર ધ્યાન રૂપ બાધક ભાવથી રોકીને, ધર્મ-ધ્યાન તેમજ શુક્લ ધ્યાન રૂપ સાધક ભાવમાં જોડવાની, **ઇચ્છા-રુચિ સહિત**, પરમાત્મ પદના. સાધક આત્માઓ છે. તેવા અંતર્મુખ-દૃષ્ટિવાળા-આત્માઓને-તો, સમતા-સામાયિક માટે મનના નિગ્રહ સહિત યમ-નિયમાદિની ઉપકારકતા અવશ્ય સમજવાની હોય છે, શાસ્ત્રમાં મનના નિગ્રહપૂર્વક અંતર્મુખ વૃત્તિએ, સમભાવ વડે, પરમાત્મપદની પ્રાપ્તિ માટે કહ્યું છે કે :-

यः स्नात्वा समता कुण्डे, हित्वा कश्मलजं मलम् ।
पुनर्न याति मालिन्यं, सोऽन्तरात्मा परःशुचिः ॥५॥

વળી મનના નિગ્રહ માટે, તેમજ શુદ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટે કહ્યું છે કે,

यावत् प्रयत्नलेशो, यावत् संकल्प कल्पना कापि ।
तावन्न लयस्यापि, प्राप्तिस्तत्त्वस्य तु का कथा ॥६॥

આજ અર્થથી પરમપૂજ્ય પ્રાતઃ સ્મરણીય અધ્યાત્મ યોગીરાજ શ્રી આનંદઘનજીએ કહ્યું છે કે, "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું એ વાત નહિ ખોટી, એમ કહે, સાધ્યું (અન્યથાપણે) તે નવિમાનું, એ કી વાત છે મોટી," "કુંથુજી" વળી. તેઓશ્રીએ જ, આત્માને બંધના કારણરૂપ આશ્રવ-તત્ત્વથી અળગો કરવા માટે, તેમજ આત્માને કર્મ બંધનથી મુક્ત કરવાના કારણરૂપ સંવર તત્ત્વનો આદર કરવા માટે, શાસ્ત્રીય ખુલાસો આપતાં જણાવ્યું છે કે

"કારણ જોગે હો, બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય
આશ્રવ, સંવર નામ અનુક્રમે રે, હેયોપાદેય સુણાય"

સર્વકાળે, સર્વક્ષેત્રે, સર્વે તીર્થંકર પરમાત્માઓએ પ્રકાશેલ મોક્ષ માર્ગને સર્વે ભવ-ભીરૂ મોક્ષાર્થી-શાસ્ત્રકારોએ નીચે મુજબના એક જ અવિરૂદ્ધ અર્થથી પ્રકાશેલ છે કે, અનાદિથી સર્વ સંસારી આત્માઓ (૫) મિથ્યાત્વ; (૧૨) અવિરતિ (૨૫) કષાય અને (૧૫) યોગના મળી કુલ (૫૭) સત્તાવન ભેદથી અનેકવિધ શુભાશુભ કર્મો બાંધે છે. અને તે બાંધેલા કર્મોને, ચારગતિમાં ઉદયાનુસારે ભોગવે છે. તેમજ (૫) સમિતિ (૩) ગુપ્તિ (૨૨) પરિષહ (૧૦) યતિધર્મ (૧૨) ભાવના (૫) ચારિત્ર મળી કુલ (૫૭) સત્તાવન ભેદરૂપ સંવર વડે, કર્મબંધને રોકીને, (૬) બાહ્ય તેમજ (૬) અભ્યંતર એમ કુલ (૧૨) બાર ભેદરૂપ તપથી પૂર્વ સંચિત કર્મોની-સવિશેષ નિર્જરા કરે છે, તેઓ મોક્ષના શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે માટે મોક્ષાર્થી આત્માઓએ ઉપર જણાવેલ બંધના કારણરૂપ પ્રત્યેક આશ્રવ ભાવોનો યથાશક્તિ ત્યાગ કરવો જોઈએ, અને મોક્ષના કારણભૂત પ્રત્યેક સંવર અને નિર્જરા તત્ત્વોનો આદર કરવો જોઈએ. શાસ્ત્રમાં આ વાતને જ "[illegible]" એ સૂત્રથી પ્રમાણ [illegible] જણાવેલ છે.

ઉપર જણાવેલ સર્વજ્ઞ ભાષિત હેયોપાદેય સિદ્ધાંતમાં શ્રદ્ધા રહિત
ક જૈનાભાસિ પંડિતો મોક્ષાર્થ સાધક સમ્યક્ત્વમાં દુષણરૂપ (૧) શંકા
કાંક્ષા (૩) વિતિગિચ્છા (૪) અન્યતીર્થિક પ્રશંસા (૫) અન્યતીર્થિકનો
ય—એ પાંચે અતિચારોનો પોતાની મનસ્વી સ્યાદ્-વાદ શૈલિયે ખુપણ
પ્રચાર કરી અનેક લોકોને ઉન્માર્ગે દોરી રહ્યા છે તેમજ **કેટલાક
ાવી-સંતો, શાસ્ત્રમાં જણાવેલ, મોક્ષના અનન્ય
ણભૂત આત્માની શુદ્ધ પરિણતીરૂપ સમતા (સામાયિક)
પોતાની મનસ્વી અનેકાંતિક શૈલિએ, સાર-અસારના
કશુન્ય, મતિ-કલ્પિત લોકવ્યવહારમાં, સમતાનું આરો-
કરી, દ્રષ્ટિરાગી આત્માઓને પોતાની માયાજાળમાં
વી રહ્યા છે,** આ માટે પરોપકારી-પરમાત્માએ પ્રરૂપેલ પરમ
ધર્મનું પ્રકાશન, મોક્ષાર્થી આત્માઓ માટે અનિવાર્ય આવશ્યક
ને, અમોએ આ કિંચિત્ પ્રયાસ કરેલ છે શાસ્ત્રોમાં મોક્ષાભિલાષી
માના સમત્વ-સંબંધે સ્પષ્ટ જણાવેલ છે કે :—

) त्यक्तायाम् ममतायाम् च, समता प्रथते स्वतः;
स्फटिते गलितो पाधौ, यथा निर्मलता गुणाः ॥१॥

) विकल्प विषयोत्तीर्णः, स्वभावालंबनं सदाः
ज्ञानस्य परिपाको यः, स शमः परिकीर्तितः ॥२॥

) सेयंबरो अ आसो, बरो अ अन्नो अ बुद्धो वा,
समभावी भावी अप्पा, लहेइ मुक्खं न संदेहो. ॥३॥

(૪) नाशांबरत्वे न श्वेतांबरत्वे, न तत्त्ववादे न च तर्कवादे;
न पक्षसेवाश्रयेण मुक्तिः, कषायमुक्तिः किल मुक्तिरेव ॥४॥

(५) ज्ञान ध्यान तपः शील, सम्यक्त्वसहितोप्यहो;
तं नाप्नोति गुणं साधु-र्यमाप्नोति शमान्वितः ॥५॥

મારો આ પરમ સત્યમાર્ગના પ્રકાશન માટેનો સંબંધ, પૂર્વે જણાવ્યા મુજબ સર્વજ્ઞ અને સર્વદર્શી ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામીજીના શાસનની પ્રાપ્તિ અને તે તરફનો કૃતજ્ઞભાવ છે. આમ છતાં આ પુસ્તિકામાં જે કાંઈ ક્ષતિ હોય તે મારી મંદમતિનું સ્વરૂપ જાણવું અને જે કાંઈ યથાર્થતા જણાય તે શાસન પ્રત્યેની મારી ફરજ સમજવી.

મારો આ પુસ્તિકા લખવા માટેનો અધિકાર આ સાથે જણાવેલ પૂજ્યગુરૂ ભગવંતોના યોગથી પ્રાપ્ત થયેલ ક્ષયોપશમ હોઈ, તેઓને નામાભિધાનથી વંદના કરેલ છે. તો વાંચક વર્ગ, આ હકીકત ધ્યાનમાં રાખી મારા લખાણમાં જે કાંઈ શાસ્ત્રીય ભૂલચૂક હોય તે સુધારવા સૂચના કે જેથી શાસ્ત્રની અવિરૂદ્ધતા જળવાય.

આ પુસ્તિકામાં મુખ્યપણે એકાંતદૃષ્ટિએ પ્રાપ્ત થતા દોષોનું, તેમ અનેકાંતદૃષ્ટિએ પ્રાપ્ત થતા ગુણોનું સ્વરૂપ બતાવવાનો પ્રયત્ન કરવા આવેલ છે,

એકાંત જ્ઞાનદૃષ્ટિવાળા સંબંધે શાસ્ત્રમાં જણાવેલ છે કે

भणंता अकरंता य, बन्ध मोक्ख पइण्णिणो ।
वाया विरियमित्तेण, समासा संति अप्पयं ॥६॥

न चित्ता तायए भासा, कओ विज्जाणु सासणं ।
विसन्ना पावकम्मेहिं, बाला पंडिय माणिणो

ઉ. અ. ૬-ગા. ૧૧-૧૧ ॥૭॥

જે આત્માઓ આત્મધર્મનો સુંદર ઉપદેશ આપે છે, પરંતુ પોતે
ંધ હેતુઓનો, ત્યાગ કરતા નથી, અને મોક્ષના હેતુભૂત સંવર-નિર્જરા
ોનો આદર કરતા નથી, અને કેવળ પોતાની વાણીમાંના વિરતિ ભાવ વડે,
ાતાના આત્માને સંતોષ પમાડે છે, તેઓનું-કેવળ તે પરોપકારી ભાષા
ડે-રક્ષણ થતું નથી, તો પછી મંત્ર-તંત્રાદિના પર પ્રત્યયિક, પ્રભાવક કાર્યો
રે તો, આત્મરક્ષણ કેવી રીતે થઈ શકે? કેમકે પાપ કર્મોથી લેપાયેલા
ઓ બાળ હોવા છતાં, પોતાની જાતને, પંડિત માનનારા છે. આથી
ી તેઓને પંડિત-મરણ પ્રાપ્ત થતું નથી, પરંતુ બાળ-મરણ જ પ્રાપ્ત
ાય છે એમ જાણવું વળી એકાંત ક્રિયાવાદીઓ માટે પણ કહ્યું છે કે,

चरण करणप्पहाणा, स समय पर समय मुक्कवावारा ।
णासंति चरण करणं, निच्छयसुद्धं न याणंति ॥८॥

જેઓ શુદ્ધ આત્મ (સ્વભાવ) પરિણામને, તેમજ પર-પુદ્ગલ
સ્વભાવ) પરિણામને, ભિન્નભિન્ન સ્વરૂપે યથાર્થ ઓળખતા નથી, તેઓ
આત્મ શુદ્ધિ માટે ગમે તેટલી કષ્ટ ક્રિયાઓ કરે તો પણ આત્મશુદ્ધિ પ્રાપ્ત
રી શકતા નથી. આ માટે જ કહ્યું છે કે

પર-પરિણતી અપની કરી માને, ક્રિરિયા ગર્વે ગહેલો,
ઉન્કુ જૈન કહો કયું કહીએ, સો-મુરખમેં પહેલો.

ઉપર જણાવ્યા મુજબ જ્ઞાન કે ક્રિયા સંબંધી એક પાક્ષિક દુરાગ્રહનો
ત્યાગ કરીને, આત્માર્થી આત્માઓએ પોતાના આત્મ-મોક્ષાર્થે, સમ્યગ્જ્ઞાન
સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપથી પોતાના આત્માને વિભુષિત
બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. મુખ્ય-ગૌણભાવે આ અર્થ સંબંધે
તમામ આસ્તિક દર્શનકારોને વિષે સર્વત્ર એક મતિ છે. એજ શ્રી વીર
પરમાત્માનું શાસન છે. ઉપરે શાસ્ત્રથી અવિસંવાદીભાવે સ્પષ્ટ સમજવું કે

ये यावन्तो ध्वस्तबन्धा अभूवन्, भेद ज्ञानाभ्यास एवात्र मूलम्
ये यावन्तोऽध्वस्तबन्धा भ्रमन्ति, भेद ज्ञानाभावएवात्र बीजम्

શુદ્ધિ-પત્રમ્

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૮	તેહરેકે	તે હરેક
૩	૨૨	દૂંરાગ	દૂંરાણ
૫	૯	મુયહ	મુગહ
૮	૪	ક્ષાયોપશનિક	ક્ષાયોપશમિક
,,	,,	જીન	જીવ
૧૪	૧૧	ભવચા	ભવમાં
૧૯	૯	(૪) ગતિ નામ કર્મ પછી	(૫) જાતિ નામ કર્મ
૨૪	૧૪	शब्दोपर	शब्दोपरक्त
૨૫	૫	આ રીતેનો	આ રીતે, નો
૨૭	૨૪	ગતિમાં	સ્થિતિમાં
૪૩	૫	વિનાશી	ત્રિવિધ
૪૭	૮	પરમાર્ગે	પરમાર્થે
૪૭	૧૭	भवहे जहिच्छिड	भवहेउ जहिच्छि
૮૦	૩	तद्र्येन	तत्त्वेषु
૮૦	૯	निरोघन	निरोधेन
૮૧	૨	વિશેષર્થી-મોક્ષાથી	વિશેષથી-મોક્ષાર્થી
૮૧	૧૨	ચડવો	ચડાવે
૯૫	૧૦	વિરૂદ્ધ	વિશુદ્ધ
૯૬	૮	(૨) આત્માને જીવે છે	(૭) આત્મામાં જ
૯૬	૫	(૬) આત્માનો	(૨) આત્માને જુવે

આ સિવાયની સામાન્ય પ્રેસ ભુલો સુજ્ઞ વાંચકોએ સ્વયં સુધારી

જ્ઞાન-પ્રકાશ

नाण परम गुण जीवनो, नाण भवार्णव पोत,
मिथ्यामति तम भेदवा, नाण महा उद्योत ॥१॥

દરેકે દરેક જીવાત્માનો, સર્વે પદાર્થોના સમસ્ત ધર્મોનો સંપૂર્ણ બોધ પામવો (જ્ઞાન કરવું) એ મુખ્ય (પરમ) ગુણ છે.

પંચાસ્તિકાયમય સમસ્ત જગતના, દૃષ્ટ કે અદૃષ્ટ, ભૂત-ભાવી અને વર્તમાન સ્વરૂપી, સમસ્ત ભાવોનો, સંપૂર્ણ બોધ પામવાની શક્તિ, તે જ્ઞાનગુણ. જો કે આવો જ્ઞાનગુણ, દરેકે-દરેક આત્મામાં મૂળભૂત શક્તિરૂપે તો એક સરખો પૂર્ણ હોવા છતાં, જે-જે આત્માઓએ, પોતાના જ્ઞાનગુણ ઉપરના, જેટલા-જેટલા જ્ઞાનાવરણીય કર્મોના પડળો દૂર કર્યા હોય છે, તે મુજબ તે-તે આત્મામાં તથા પ્રકારે, જ્ઞેયને (પદાર્થને) જાણવાની લબ્ધિ (શક્તિ) હોય છે. આમ હોવાથી, જ્યાં સુધી કોઈ પણ આત્મા, પ્રથમ મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરીને, સંપૂર્ણ જ્ઞાનાવરણીય કર્મોના પડળોને સર્વથા દૂર કરે નહિ, ત્યાં સુધી, કોઈપણ આત્મામાં સમસ્ત જ્ઞેયને જાણવા-રૂપ, કેવલજ્ઞાન હોતું નથી, તેમ છતાં એક જ અવિભાજ્ય એવા આ જ્ઞાન ગુણની શક્તિ, સર્વ પ્રકારે સર્વથા અવરાતી (ઢંકાતી) ન હોવાથી, દરેકે દરેક આત્મામાં કથંચિત્ (એટલે કોઈ એક પ્રકારે) જ્ઞાન શક્તિ, સર્વદા અવશ્ય હોય છે. આથી સ્પષ્ટ સમજવું કે, દરેકે દરેક આત્મામાં જ્ઞાનાવરણીય કર્મોનો, કિંચિત્ ક્ષયોપશમ સર્વદા અવશ્ય હોય છે, તથાપિ કેવળી પરમાત્મા સિવાય, કોઈપણ છદ્મસ્થ જ્ઞાનીને; તો, પોતાના ચારે પ્રકારની ક્ષયોપશમિક જ્ઞાનલબ્ધિમાંથી, **જ્યારે જ્યારે જે કોઈ એક જ્ઞાનશક્તિ વડે જ્ઞેયને જાણવા માટે ઉપયોગ મૂકવા રૂપે પ્રવૃત્તિ કરે છે ત્યારેજ, તે આત્માને, તથાવિધ બોધ પ્રાપ્ત થાય છે.** પરંતુ પ્રત્યેક

કેવળી ભગવંતો [illegible] જાણે, સંપૂર્ણ જગતને જાણતા હોય છે

ઉપર જણાવ્યા મુજબ આત્માના જ્ઞાનગુણ ઉપર, અનેક કર્મોના આવરણોને લઈને, ભેદ પ્રકારોને જાણવાની **આત્માની શક્તિ અનેકવિધ રીતે અવરાયેલી** (ઢંકાયેલી) **છે. મુખ્ય પાંચ ભેદો છે.** તેનું કિંચિત્ સ્વરૂપ, નીચે મુજબ, [illegible] અવિરુદ્ધ આમારશું.

(૧) મુખ્યતયા **મતિજ્ઞાનાવરણ** કર્મોના ક્ષયોપશમ મુજબ જીવને મતિજ્ઞાન (લબ્ધિ) હોય છે. આ મતિજ્ઞાન સામાન્યથી (૩ ચાલીશ ભેદવાળું છે. તે આ પ્રમાણે જાણવું—સામાન્યથી ગંધ, રૂપ અને શબ્દનો બોધ, જીવને નામકર્મના ઉદયા શરીર, જીભ, નાક, આંખ, અને કાન, એ પાંચ ઇંદ્રિય, અને થાય છે, આ બોધ વ્યંજનાગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાર સ્વરૂપે (૨૮) પ્રકારનો છે. કેમકે **મન અને ચક્ષુ**—ઇં વ્યંજનાવગ્રહ, હોતો નથી, તે અઠ્ઠાવીસ ભેદોને વળી (૧૨) ભેદથી ગુણતા (૩૩૬) ભેદો થાય છે. તે ઉપરાં (૨) પારિણામિકી, (૩) કાર્મિકી અને (૪) ઉત્પાતિકી વિશિષ્ટ મતિ, આ પ્રમાણે શ્રુતનિશ્રિત તેમજ અ કુલ (૩૪૦) ભેદનું સ્વરૂપ શાસ્ત્રથી, ગીતાર્થ વિસ્તારથી દૃષ્ટાંત સહિત જાણી લેવું.

(૨) મુખ્યતયા—**શ્રુતજ્ઞાનાવરણીય** કર્મ આત્માને શ્રુતજ્ઞાન પણ અવશ્ય હોય છે. શ્રુતજ્ઞ એટલે કે મતિજ્ઞાન જ્યારે વિશેષ સ્વરૂપથી શબ્દ વાચક સંબંધક તેમજ ઈષ્ટાનિષ્ટ ભાવવાળું

કર્મોના ક્ષયોપશમ મુજબ થાય છે આ માટે કહ્યું છે કે "मई पूव्वं सुयं न मई सुयपूव्विया," આથી શ્રુતજ્ઞાનમાં જેમ મતિજ્ઞાન કારણ છે તેમ દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત જ્ઞાનમાં પણ શ્રોતા અને વક્તાની અપેક્ષાએ જે કાર્ય કારણપણું છે તે આ પ્રમાણે જાણવું. પ્રથમ વક્તા વડે બોલાયેલા દ્રવ્યશ્રુત-શબ્દ જ્ઞાનથી, શ્રોતાને ભાવશ્રુત જ્ઞાન થાય છે એટલે વાચ્ય-વાચક ભાવવાળું જ્ઞાન થાય છે જ્યારે વક્તા તો પ્રથમ ભાવશ્રુતને અવલંબીને જે શબ્દ પ્રકાશે છે તે શબ્દને દ્રવ્ય શ્રુતજ્ઞાન જાણવું. અન્યથા શબ્દ માત્રનું શ્રવણજ્ઞાન તે વ્યંજનાવગ્રહ તેમજ અર્થાવગ્રહ બન્ને મતિજ્ઞાન રૂપ છે, શ્રુતજ્ઞાન નથી પરંતુ ઈહા-અપાય અને ધારણા શ્રુત-સાપેક્ષ હોવાથી શાસ્ત્રમાં કહ્યું છે કે-"जत्थ मईनाणं तत्थ सुयनाणं, जत्थ सुयनाणं तत्थ मईनाणं" ઉપર જણાવ્યા મુજબ સાપેક્ષ ભાવે, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સાથે હોવાથી દરેક દરેક આત્માને પોત-પોતાના ક્ષયોપશમ મુજબ ભિન્ન-ભિન્ન સ્વરૂપે બન્ને જ્ઞાનો અવશ્ય હોય છે એમ જાણવું. તેમજ આ બન્ને જ્ઞાનોમાંઆત્માને અન્યની એટલે પરદ્રવ્યની સહાયની અપેક્ષા હોવાથી આ બન્નેજ્ઞાનોને પરોક્ષ પ્રમાણતા જાણવી, તેમાં પણ દ્રવ્ય સમ્યક્ શ્રુતજ્ઞાન, સંજ્ઞી આત્માને સમ્યક્ત્વ પમાડવામાં વિશેષ ઉપકારી હોવાથી શ્રુતજ્ઞાનના (૧૪) ભેદોનું સ્વરૂપ "अक्खर सन्नि सम्मं" એ ગાથાથી ગીતાર્થ ગુરુ ભગવંત પાસેથી અવસ્ય જાણી લેવું.

શાસ્ત્રોમાં મોક્ષાનુકુળ-આત્મસ્વભાવરૂપ, સમ્યક્ત્વને, દર્શન મોહના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમજન્ય-મતિજ્ઞાનના અપાયાંશરૂપ કહેલ છે, આ માટે મતિજ્ઞાનને પ્રમાણતા આપતાં થકાં કહ્યું છે કે-एवं [illegible] तत्तं सद्दमाणस्स भावओ भावे, पुरिसस्साभिणिवोहे दंसण-[illegible] [illegible]। આથી સ્પષ્ટ સમજવું કે મતિજ્ઞાનાવરણના વિશિષ્ટ [illegible]

[illegible]

[illegible]

દર્શન અને સમ્યગ્જ્ઞાનના કાર્ય-કારણ ભાવ [illegible]
“[illegible] મિથ્યાત્વ [illegible]
કોઈપણ આત્માને નિરંજનજ્ઞાનને, પ્રમાણજ્ઞાન જાણવું ન. [illegible]
ઘાતક [illegible] મિથ્યા-જ્ઞાન છે કેમકે, [illegible] મતિજ્ઞાન
અપાયાંશમાં, પણ આત્મશુદ્ધિકારક સમ્યક્ત્વ [illegible] નથી, [illegible]
જણાવેલ અર્થથી જ શ્રી તત્ત્વાર્થ સૂત્રમા “તત્ પ્રમાણે” સૂત્રથી પાંચ
પ્રકારના જ્ઞાનમાં, પરોક્ષ તેમજ પ્રત્યક્ષ બન્ને પ્રકારની પ્રમાણતા જણાવી
છે, તેમાં પણ પૂર્વે જણાવ્યા મુજબ સ્વ-પરના યથાર્થ ભેદકારક, સમ્યક્ત્વ
સહિત, એવા વિશિષ્ટ મતિજ્ઞાનને, તેમજ શ્રુતજ્ઞાનને, પણ પરોક્ષ અને
પ્રત્યયિક સ્વરૂપે પ્રમાણતા જાણવી.

પ્રશ્ન :— જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કેવી રીતે પ્રાપ્ત થાય ?
અને સમ્યક્ત્વ કેવી રીતે પ્રાપ્ત થાય ?

ઉત્તર :— સંસારી આત્માઓ જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોન
આશાતના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. અને જ્ઞાન, જ્ઞાની અ
જ્ઞાનના સાધનોની શાસ્ત્રોક્ત વિધિપૂર્વક આરાધના (ભક્તિ) કરવાથી જ્ઞાન
વરણીય કર્મોના-આવરણને દૂર કરે છે. આ માટે ગીતાર્થ ગુરુ ભગવં
પાસે અષ્ટવિધ-જ્ઞાનાચારનું નિરતિચાર પાલન કરીને નવે તત્ત્વો

શાસ્ત્રથી અવિરુદ્ધ નય-નિક્ષેપ-પ્રમાણ સાપેક્ષ યથાર્થ બોધ કરવો જોઈએ, આથી દર્શન મોહનીય કર્મનાં, દર્શન સપ્તકનો, ત્રિપુંજીકરણ-(અધ્યવસાયની વિશુદ્ધિ) વડે ઉપશમ કે ક્ષયોપશમ કરવાથી, જીવ સમ્યક્ત્વ પામે છે, અને સંપૂર્ણ ક્ષય કરવાથી મોક્ષના મુખ્ય હેતુભૂત ક્ષાયિક સમ્યક્ત્વ પામે છે, આથી સ્પષ્ટ સમજાય છે કે જ્ઞાનાચારાદિની બાહ્યપ્રવૃત્તિને, સમ્યક્ત્વાદિ નિશ્ચયિક આંતરશુદ્ધિના કારણ રૂપે ઉપકારી જાણવી જોઈએ, અને આંતર આત્મશુદ્ધિને, મોક્ષનું કારણ જાણવું જોઈએ આ બન્ને કારણતાઓમાંથી કોઈનો પણ અપલાપ નહિ કરવા માટે શાસ્ત્રમાં કહ્યું છે કે,

“जइ जिणमयं पवज्जइ ता मा ववहार निच्छए मुयह”
इक्केण विणा तित्थं छिज्जइ अन्नेणं उ तच्चं ॥

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે બાહ્ય શુદ્ધાચરણ રૂપ વ્યવહારથી –આંતર શુદ્ધિ પ્રાપ્ત કરીને, આત્માર્થી આત્મા–પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. નિશ્ચય શુદ્ધિરૂપ તે પરમાત્મપદની સાધના માટે જેમ આંતરશુદ્ધિ જરૂરી છે. તેમ આંતરશુદ્ધિ માટે બાહ્ય શુદ્ધાચાર પણ તેટલો જ જરૂરી છે એમ જાણવું જોઈએ. આથી સ્પષ્ટ સમજવું કે આત્માની આંતરશુદ્ધિનું મૂળ જે સમ્યક્ત્વ છે, તે માટે, આત્માર્થી આત્માએ, પ્રથમ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કરી યથાર્થ તત્ત્વ બોધ થયા, મિથ્યાત્વ દૂર કરીને, મોક્ષાનુ-કૂળસ્વભાવરૂપ સમ્યક્ત્વ ગુણને પ્રાપ્ત કરવો જોઈએ આ માટે પરમપૂજ્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે પણ જણાવ્યું છે કે :—

“ज्ञानावरणी जे कर्म छे, क्षय उपशम तस थाय रे,
तो हुवे एहिज आतमा, दोष अबोधता [illegible] रे”

વળી પણ કહ્યું છે કે,

"सकल क्रियानुं मूल जे श्रद्धा, तेहनुं मूल जे कहीए,
ते ज्ञानने नित नित वंदीजे, ते विण कहो केम रहीए"

[illegible]

જ્ઞાન પ્રાપ્તિ માટે, જ્ઞાનના પાંચ ભેદમાં, શ્રુતજ્ઞાની, [illegible] દેવાડ હેતુ [illegible] શ્રુતજ્ઞાનને [illegible] ઉપકારક [illegible], [illegible] વિશેષ [illegible] ગુરુ ભગવંત પાસે [illegible] આરાધના કરતા [illegible] આઠ [illegible] શ્રુતજ્ઞાન આરાધના, તે આચાર તેમજ તે આચારમાં પ્રમાદ કરવો, ભૂલ કરવી, તે અતિચાર તેનું સ્વરૂપ શાસ્ત્રમાં આ પ્રમાણે બતાવેલ છે

काले-विणये बहुमाणे, उवहाणे तहय अ निन्हवणे,
वंजण अत्थ तदुभये, अट्ठविहो नाणमायारो ॥

(૩) અવધિજ્ઞાનઃ— આ જ્ઞાનવાળો આત્મા અવધિજ્ઞાનની શક્તિ વડે, **ઉપયોગ મૂકવા થકી** સમસ્ત રૂપી દ્રવ્યોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સંબંધી ક્ષયોપશમની મર્યાદા પ્રમાણે પ્રત્યક્ષથી બોધ પામે છે. આ જ્ઞાન અવધિજ્ઞાનાવરણ કર્મોના ક્ષયોપશમ મુજબ અસંખ્ય પ્રકાર હોય છે. નારકજીવો અને દેવોને ભવ પ્રત્યયિક અવધિજ્ઞાન અવશ્ય હોય છે, આમ છતાં તેના શાસ્ત્રોમાં (૬) ભેદો બતાવેલા છે તેનું સ્વરૂપ ગીતાર્થ ગુરુ ભગવંત પાસેથી યથાર્થ જાણી લેવું.

અવધિજ્ઞાનવાળો આત્મા પણ જો સમ્યક્ત્વ ગુણથી રહિત હોય તો, તેનું જાણપણું આત્માર્થથી શૂન્ય હોઇ, તેને વિભંગજ્ઞાન કહેલું છે. વિભંગજ્ઞાનને પરમાર્થથી અપ્રમાણ જ્ઞાન સમજવું. અવધિજ્ઞાનાવરણ ક્ષયોપશમ મુજબ અવધિજ્ઞાનના મુખ્ય છ ભેદો આ પ્રમાણે છે—અનુગામી, અનનુગામી, વર્ધમાન-હીયમાન, પ્રતિપાતી અને અપ્રતિપાતી.

(૪) મનઃપર્યવજ્ઞાન :— અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોયોગ દ્વારા મનન કરાયેલી રૂપી મનોવર્ગણાઓને, મનઃપર્યવજ્ઞાન વડે ઉપયોગ મૂકતા થકી ક્ષયોપશમ મુજબ પ્રત્યક્ષ જાણવાની શક્તિ તે મનઃપર્યવજ્ઞાન જાણવું. આ જ્ઞાન અપ્રમત્ત મુનિને જ થાય છે. આ જ્ઞાનના ઉપયોગ થકી, મનન કરાયેલી મનોવર્ગણાને, સાક્ષાત્-પ્રત્યક્ષ-જાણીને તે દ્વારા અનુમાનથી, તે આત્માએ ચિંતવેલ પદાર્થનું જ્ઞાન મનઃપર્યવજ્ઞાનીને થાય છે. આ જ્ઞાનના ઉપયોગ સંબંધી એટલું વિશેષ સમજવું કે આ જ્ઞાનનો ઉપયોગ ફક્ત સાકારોપયોગ હોય છે. મનઃપર્યવજ્ઞાનના ઋજુમતિ અને વિપુલમતિ નામના બે ભેદનું કિંચિત્ વિશેષ સ્વરૂપ ગુરુગમથી સમજી લેવું.

(૫) કેવળજ્ઞાન :— મોહનીય કર્મોનો સર્વથા ક્ષય કરીને, બારમા છદ્મસ્થ વીતરાગ ગુણસ્થાનને પ્રાપ્ત થયેલા આત્માઓ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય, એ ત્રણ કર્મોનો એકી સાથે સર્વથા ક્ષય કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે તે પછી તે તેરમે ગુણસ્થાનકે રહેલા સર્વે કેવળી પરમાત્માઓનું, કેવળજ્ઞાન એક સરખું, અવિસંવાદી, રૂપારૂપી સમસ્ત જ્ઞેયોને, સહજ ભાવે પૂર્ણસ્વરૂપે પ્રત્યક્ષ જાણવા રૂપ અનંત, અક્ષય, અવ્યાબાધ ભાવવાળું હોય છે. સર્વે કેવળી પરમાત્માઓ આયુષ્યને અંતે બાકી રહેલા સર્વે કર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને એક સમયમાંજ સહજશુદ્ધ પૂર્ણજ્ઞાનાનંદ સ્વરૂપે જન્મ-મરણ રહિત એવી સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન :— કેવળજ્ઞાનની પ્રાપ્તિ વિશ્રસા, ઉત્પાદ સ્વરૂપે છે, કે. પ્રયોગ-સાકાર્ય સ્વરૂપે છે ?

ઉત્તર :— શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ, કેવળજ્ઞાન-પ્રત્યેક આત્માનો એક મૂળભૂત મુખ્ય ગુણ હોઈ, સર્વે જ્ઞાનાવરણીય કર્મોના, પડળો સર્વથા દૂર થવાથી-પ્રગટ થાય છે, તે થકી તેને વિશ્રસા ઉત્પાદ સમજવો જોઈએ, તેમજ શુદ્ધ વ્યવહાર નયની દૃષ્ટિએ પ્રથમ મોહનીય કર્મોનો સર્વથા ક્ષય કરવા થકી જ જ્ઞાનાવરણીયાદિ ત્રણે ઘાતિ કર્મોનો જીવ સર્વથા ક્ષય

પે હેયોપાદેયતાવાળું શબ્દાદિ સ્વરૂપના આધારથી મુખ્યત્વે મન દ્વાર
' હોઈ પરોક્ષ જ્ઞાન છે તેના પણ દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત એ બન્ને
ને, વળી સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન એ બે ભેદો સહિત ગીતાર્થ
ભગવંત પાસેથી શાસ્ત્રથી અવિરૂધ્ધ યથાર્થ જાણવા પ્રયત્ન
રો જોઈએ. કેમકે શ્રુતજ્ઞાન સ્વ-પર ઉભય સંબંધી-સમ્યક્ અને
મ્યાભાવથી ઉપકારક તેમજ અપકારક બને છે.

વળી મતિજ્ઞાન એ પણ આત્માની જ્ઞાન ચેતનાનું પરોક્ષ સ્વરૂપ છે,
કે તે પાંચ ઇન્દ્રિય અને મનના વિષયવાળું અને તજ્જન્ય હોવાથી પરોક્ષ
ાણ રૂપ છે, મતિજ્ઞાનને ઇન્દ્રિયો અને મનની મુખ્યતા હોવાથી, તેના
ાદિ વિશેષ ભેદોને, સમ્યક્શાસ્ત્ર સાપેક્ષતા અને નિરપેક્ષતા સ્વરૂપથી
ાર્થ ગુરુગમથી યથાર્થ અવધારવું જરૂરી છે. કેમ કે બહુધા જીવો
તપોતાના અપાય તેમજ ધારણા જ્ઞાનની પ્રેરણાનુસારે પ્રવૃત્તિ કરતા
ય છે આથી સમ્યગ્દૃષ્ટિએ જીવોમાં, ધર્મ અને મોક્ષ પુરુષાર્થની અને
થ્યા દૃષ્ટિઓમાં અર્થ અને કામ પુરૂષાર્થની પ્રબળતા દેખાય છે.

ઉપર જણાવ્યા મુજબ પાંચે જ્ઞાનના સ્વરૂપમાં યથાર્થ શ્રધ્ધા-પ્રતીતિ
ને રૂચિ ધારણ કરવી જોઈએ કેમકે પ્રત્યેક આત્માને પોત-પોતાની
નચેતના જ વિવેક અને પ્રવૃત્તિનું કારણ હોઈ સમસ્ત સુખ-દુઃખનું કારણ
ણ જ્ઞાન ચેતના જ છે. આ માટે કહ્યું છે કે, एयं पंचविहं नाणं, दव्वाणय
ाणय, पज्जवाण च सव्वेसिं नाणं नाणीहिं देसियं ત્રિકાલિક સત્તા વડે,
યેક આત્માનું જ્ઞાન દ્રવ્યરૂપ છે, જ્ઞાનગુણની વિવિધતા તે ગુણ છે, અને
યને જાણવા રૂપ કાર્ય પરિણામ. તે જ્ઞાનપર્યાય જાણવો, આ રીતે
વ્ય-ગુણ અને પર્યાયરૂપ જ્ઞાન વડે આત્માને પરમ જ્ઞાનીઓએ સર્વાત્મક
ણાવેલ છે. આ માટે હવે આ આત્મ-ચેતનાના શાસ્ત્રાનુસારે ત્રણ ભેદો
ણાવીએ છીએ

i) **જ્ઞાનચેતના** :— જ્ઞેયના (પદાર્થના) સામાન્ય-વિશેષ ધર્મનું
ક્ષપણું કરે, તે જ્ઞાનચેતના.

(૨) કર્મચેતના : [illegible]
[illegible]

(૩) કર્મફળચેતના : [illegible]
[illegible]

આ પ્રમાણે પ્રત્યેક ભિન્ન ભિન્ન આત્માઓ [illegible]
નિરંતર ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રવર્તે છે, પરંતુ [illegible]
પ્રકારની જ્ઞાનચેતના હોતી નથી. [illegible]
વિષે (પરમાત્માને) ત્રિવિધ જ્ઞાનચેતના સંપૂર્ણ સ્વાધીન હોય છે.
ક્ષયોપશમ ભાવ તત્ત્વમાં તે કથંચિત પરાધીન અને કર્માધીન હોય
તેમજ કથંચિત સ્વાધીન હોય છે. જ્ઞાનચેતનાનું સ્વરૂપ એક જ કાળે
એક સાથે બે-ત્રણ કે ચાર ક્ષાયોપશમિક જ્ઞાનની લબ્ધિ (શક્તિ)
હોય છે, પરંતુ ઉપયોગ તો એક સમયે એકજ જ્ઞાનનો હોય છે તેમ
છદ્મસ્થ જીવોને જ્ઞાનનો ઉપયોગ અંતર્મુહૂર્ત પર્યાપ્ત હોય છે.
કેવળી પરમાત્માને તો ક્ષાયિક ભાવે નિરંતર સહજ ભાવે, સંપૂર્ણ
કેવળોપયોગ પ્રવર્તે છે, અને તેથી તેઓનું સમસ્ત પરિણમન પણ
અવિસંવાદી ભાવે કેવળ-ઉપયોગાન્તર્ગત જ હોય છે. ઉપયોગ
જ્ઞાનલબ્ધિ દ્વારા જ્ઞેયને જાણવા માટેનો આત્માનો વ્યાપાર પ્રત્યેક આ
આવો ઉપયોગ-વ્યાપાર જ્ઞેય સંબંધે બે પ્રકારનો હોય છે, (૧) સામા
અને (૨) વિશેષ સ્વરૂપથી. આ બન્ને પ્રકારનો વ્યાપાર સ્વ-પર સ
શુધ્ધાશુધ્ધ હોય છે. આત્માને વિષે જ્ઞેયને જાણવા રૂપ શક્તિ તે
ગુણ જાણવો. આ જ્ઞાન ગુણ થકી કર્તા, આત્મા જ્ઞેયને જાણવા મા
ક્રિયા કરે છે, તેને ઉપયોગ ગુણ જાણવો. આ રીતે કર્તા-ક્રિયા
કાર્ય એટલે અર્થબોધ એ ત્રણેને વળી આત્માથી ભિન્નાભિન્ન જા
ઉપયોગ જો કે એક જ હોય છે. તથાપિ એક ઉપયોગમાં અનેકવિ
જરૂર હોઈ શકે છે. પરંતુ એક સમયે બે જ્ઞાનોપયોગ કે બે ભિન્ન
બોધ ન હોય. વળી એક સમયે અનેકવિધ ક્રિયાઓમાં પણ ઉપયોગ

 હોય. પરંતુ સમયની સુક્ષ્મતાને લઈને ભિન્ન ભિન્ન અર્થબોધ ાથે જણાય તો ત્યાં સમયનો ભેદ અવશ્ય વિચારવો.

જે જીવોમાં મિથ્યાત્વ મોહનીયકર્મનો ઉદય વર્તતો હોય છે તેવા ા-મતિ શ્રુત કે અવધિજ્ઞાનનો ઉપયોગ પરમાર્થે આત્મોપકારક હોતો કેમકે મિથ્યાદૃષ્ટિના જ્ઞાનોપયોગનું સ્વરૂપ બતાવતાં તત્ત્વાર્થકારે જણાવેલું છે કે, "सदसतोरविशेषाद्यदृच्छोपलब्धे रुन्मत्तवत्" જ્યારે વાન્ આત્માનો ઉપયોગ આત્માર્થે ઉપકારક હોય છે. આ સંબંધેજ સ્ત્રોમાં "ઉપયોગે ધર્મ" એમ જણાવેલું છે. મતિ-શ્રુતજ્ઞાનને શાસ્ત્રોમાં પ્રમાણજ્ઞાન કહેલું છે, તેમ છતાં મતિ-શ્રુતજ્ઞાનની અનુભૂતિને સાંભ- રિક પ્રત્યક્ષ પણ કહેલ છે, પરંતુ તે ઉપર જણ્યા મુજબ સમ્યક્ મેથ્યા બન્ને સ્વરૂપવાળી હોવાથી અનુભૂતિને પણ કેવળી પરમાત્માએ સા અર્થથી અવિરુદ્ધતા વડે, આત્માર્થે ઉપકારક (પ્રમાણરૂપ) ા જોઈએ. આ માટે કહ્યું છે કે :—

"शास्त्रोक्ताचारं कर्ता च, शास्त्रज्ञ शास्त्रदेशकः,
शास्त्रैकदृग्,महायोगी, प्राप्नोति परमं पदम्–

પણ કહ્યું છે કે :

"नाप्रमाणमप्रमाणं वा, सर्वमाप्य विशेषितं,
विशेषितं प्रमाणं स्या–दिति सर्वनयज्ञता" ।

જે સામાન્ય નિરપેક્ષ-નિરાકાર, જ્ઞાનોપયોગ છે તે પ્રમાણરૂપ નથી. સાકાર જ્ઞાનના કારણરૂપે અપ્રમાણ પણ નથી. પરંતુ સ્વ-પરસંબંધી હતના યથાર્થ વિવેકવાળો સાકારોપયોગજ તે પ્રમાણરૂપ છે. એટલેકે, જ્ઞાનોપયોગજ તે પારમાર્થિક-સત્ય છે.

અન્યત્ર જણાવાયેલ સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા, તર્કપ્રમાણ, આગમપ્ર. ઉપમા, અર્થાપત્તિ, સંભવ આદિ તમામ પ્રમાણો, મતિ-શ્રુત ઉભ. હોવાથી પરોક્ષ પ્રમાણરૂપ છે વળી મતિ-શ્રુત બન્ને જ્ઞાનો પોતપો. જુદા જુદા કર્મોના આવરણોના ક્ષયોપશમ મુજબ થતાં હોવાથી, વ્યક્તિમાં તે બન્ને ઉપયોગ સંબંધી અનેક પ્રકારની વિચિત્રતા દેખાય છે. આ સાથે દર્શન મોહનીયના ઉદયજન્ય તેમજ ક્ષાયોપશમ. જ્ઞાનોપયોગની અનુભૂતિ, તેમજ પ્રવૃત્તિમાં પણ, અનેક પ્રકારની શુદ્ધાશુ. સમજવા માટે (૨૧) પ્રકારના મિથ્યાત્વીના લક્ષણો, તે. (૬૭) પ્રકારના સમ્યક્ત્વના લક્ષણોનું સ્વરૂપ શાસ્ત્રથી અવશ્ય જાણી જરૂરી છે.

જે જીવો કેવળી ભાષિત (સર્વ જીવોને કલ્યાણકારી તેમજ ત્રિક. બાધિત) શાસ્ત્રનું ઉલ્લંઘન કરીને, પોતાની અનાદિની સ્વચ્છંદ ઓઘદૃષ્ટિએ (વિષય-કષાય વર્ધક) શુભાશુભયોગ પ્રવર્તન કરે છે. તેથી તેઓને કેવળ સંસારનું વધારાપણું જ (ભવ-ભ્રમણતા) પ્રાપ્ત થાય આ માટે કહ્યુ છે કે :—

''નાણરહિત જે શુભ ક્રિયા, ક્રિયા રહિત શુભ નાણ;
યોગદૃષ્ટિ સમુચ્ચય કહ્યો, અંતર-ખજુઆ ભાણ—૧
ખજુઆ સમ કિરિયા કહી, નાણ ભાણ સમ જોય;
કલિયુગ એહ પટંતરો, વિરલા બુઝે કોય—૨
ક્રિયા માત્ર કૃત કર્મક્ષય, દદ્દુર ચૂર્ણ સમાન,
જ્ઞાન કહ્યો ઉપદેશ પદ, તાસ છાર સમ જાણ—૩
એક કહે સેવીયે વિવિધ કિરિયા કરી,
ફળ અનેકાંત લોચન ન દેખે,
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહિ લેખે...... —૪

ા સ્પષ્ટ સમજાય છે કે મોક્ષાર્થી-સમ્યગ્દૃષ્ટિ આત્માઓએ તત્ત્વાર્થ
ા પ્રથમસૂત્ર-"સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ" એ સૂત્રનું
ર સમ્યગ્ પરિશીલન કરવું જરૂરી છે. **અનાદિ મિથ્યાદૃષ્ટિ આત્માઓને આત્માર્થ સાધવા માટે સૌ પ્રથમ સમ્યક્ત્વની અનિવાર્ય આવશ્યકતા છે.** સમ્યક્ત્વની પ્રાપ્તિ, પછી પણ સમ્યગ્ જ્ઞાન (જીવાજીવાદિ નિક્ષેપાદિભાવોમાં યથાર્થ બોધ-ક્રમે વિકાસ કરવાથી), અને ક્રમશઃ વીતરાગ-શુદ્ધ અવસ્થા પામવા ચારિત્રના પાલનમાં પ્રાપ્ત કરવા નિરંતર ઉદ્યમ કરવો જરૂરી છે. આ માટે કહ્યું છે કે:-

"जो जीवे वि न याणेइ, अजीवे वि न याणइ
जीवा जीवे अयाणंतो, कहं सो नाहीइ संजमं"

(દ. અ. ૪. ગા ૧૨)

જે આત્માને જીવતત્ત્વનું તેમજ અજીવતત્ત્વનું તેમજ જીવાજીવના ભિન્ન-ભિન્ન તેમજ ઉભય પર્યાયનું યથાર્થ (હેયતા આદિના અર્થથી હેતુક) જ્ઞાન જ નથી, તે આત્મા સંયમને કેવી રીતે જાણે? વળી કોઈપણ આત્મા ત્યાગ-સંયમ વગર બાહ્ય અંતરરૂપ ચારિત્ર પામતો નથી-અને ચારિત્ર ગુણ વિના કર્મથી મુક્તિ થઈ શકે નહિ અને સર્વ કર્મના ક્ષય વગર મોક્ષ પ્રાપ્તિ થતી નથી આ માટે "જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ" એ શાસ્ત્ર વચનથી ક્રમ કારકતામાં ત્રીજી-ચોથી અને પાંચમી વિભક્તિના અવિરુદ્ધ અર્થમાં તેઓને જોડવા જોઈએ.

(૧) ત્રીજી વિભક્તિના અર્થમાં, જ્ઞાન અને ક્રિયા ઉભય વડે મોક્ષ ... છે. ત્યાં "ઉપાદાન કારણરૂપ શુદ્ધ આત્મા, ઉપયોગરૂપ ક્રિયા વડે," એમ ધારવું.

(૨) ચોથી વિભક્તિના અર્થમાં જ્ઞાન અને ક્રિયાને પરસ્પર સંપ્રદાનતા સહકારી બનાવવાથી મોક્ષ સધાય છે. એટલે "આત્મગુણોને પરસ્પર

સંકારી અને ગોઠવણી (એમ સમજવું).

(૧) પાંચમી વિભક્તિના અપાદાનના અર્થમાં, કર્મ સમસ્ત-ચાર પર્યાયમાંથી, આત્મ ભાવપણાની દૃષ્ટિ, તેમજ પર કર્તૃત્વ ભાવને દૂર નાંખવાથી મોક્ષ થાય છે એમ સમજવું. અર્થાત્ શાસ્ત્રો અનિરુદ્ધ આત્મ-સ્વરૂપમાં, કરણકારક, સંપ્રદાનકારક અપાદાનકારક અને ગોઠવણ સમજો. આ માટે શ્રી ગૌતમસ્વામીજીના ઉત્તરમાં ભગવાન શ્રી મહાવીર સ્વામીજીએ જણાવ્યું છે કે-શ્રી સ્વામીજી પ્રશ્ન પૂછે છે કે હે ભગવાન ! જીવ ક્યા વીર્યથી પ ક્રિયા કરે છે? ભગવાને જણાવ્યું છે કે, જીવ બાળવીર્યથી પ ક્રિયા કરે છે, બાળ પંડિતવીર્ય અને પંડિતવીર્યથી પરલોકની ક્રિ નથી. (અત્રે પરલોકની ક્રિયા તે ભૌતિક ભવ આ સંસારીક સુખ ક્રિયા સમજવી.)

(૨) **કર્મચેતના** :— પ્રત્યેક આત્માને સુખ ઇષ્ટ અને દુઃખ અનિષ્ટ હોય છે. આથી દરેક આત્મા સુખની પ્રા દુઃખની નિવૃત્તિ માટે નિરંતર, પ્રયત્ન કરતો હોય છે તેને કર્મ જાણવી. આમાં આત્માર્થે અજ્ઞાન, તેમજ મિથ્યાદૃષ્ટિ આત્માની પ્રવૃત્તિઓ, આધિ-વ્યાધિ અને ઉપાધિને તેમજ જન્મ-જરા અને દુઃખોની પરંપરાને જાણે-અજાણે વધારતી હોય છે. આ માટે કહ્યું

"अज्ञानं हि खलु कष्टं, क्रोधादिभ्योपि सर्वपापेभ्य
अर्थ हितमहितं वा, न वेत्ति येनावृत्तो जीवः

ક્રોધાદિ સર્વ પાપો કરતાં પણ આત્માને આત્મ સ્વરૂપનું વધુ કષ્ટદાયી છે, કેમકે અજ્ઞાની આત્મા, પોતનું હિત કેમ કરવું પોતે જ પોતાના આત્માનું કેવી રીતે અહિત કરી રહ્યો છે તે જાણતો નથી, તેથી અનાદિથી ચારગતિરૂપ સંસારમાં અથડાયા કરે છે...

ઇંદ્રિયજન્ય શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શાદિ વિષયોમાં આસક્ત આત્માઓ, વિવિધ વિષયોના સંયોગ-વિયોગમાં અજ્ઞાન અને સંમોહને કારણે રતિ-અરતિરૂપ મોહ ધરીને, ક્રોધ-માન-માયા અને લોભ પરિણામથી અનેક પ્રકારના કર્મોનું બંધન પ્રાપ્ત કરે છે, વળી તે શુભાશુભ કર્મબંધના ઉદયના યોગે તે જીવને ફરી પાછા આ સંસારમાં અનેક પ્રકારના અનુકૂળ પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત થયા કરે છે. ફરી પાછા તે કર્મોદયે પ્રાપ્ત ઔદયિક-પારિણામિક અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં આત્મા-સ્વરૂપમાં અજ્ઞાની આત્મા અજ્ઞાન અને સંમોહને લઈને, ફરી રતિ-અરતિ કરીને નવાં કર્મો બાંધે છે. આ રીતે અનાદિથી મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની આત્મા, આ સંસારમાં ચારે-ગતિમાં ચોરાશી લાખ જીવાયોનીમાં જન્મ-મરણ કરતો થકો, સર્વત્ર આધિ-વ્યાધિ અને ઉપાધિના અનેક દુઃખો ભોગવતો રહ્યો છે.

જે ઉત્તમ આત્માઓ, પૂર્વ-કર્મોદયે-પ્રાપ્ત શુભ કે અશુભ સંયોગ-વિયોગાદિમાં અલિપ્ત રહે છે. એટલે ઔદયિક પરપરિણામ સંબંધે ક્રોધ-માન-માયા-કે લોભાદિ પરિણામથી અળગા રહે છે. તેઓ, **તથા પ્રકારની જાગરૂકતા સાથે, પ્રાપ્ત ક્ષયોપશમિક શુદ્ધ આત્મિક જ્ઞાનાદિ ગુણોમાં રમણતા કરતા થકાં, અંતે સર્વકર્મના બંધનોથી મુક્ત થઈ અજર-અમર-અનંત-અક્ષય સુખને પ્રાપ્ત કરે છે.** ઉપર જણાવ્યા મુજબ ઔદયિક તેમજ ક્ષયોપશમાદિ, બન્ને કર્મ-ચેતનાના શુધ્ધાશુધ્ધ સ્વરૂપને વળી પણ વિશેષથી જાણવું જરૂરી હોઇ શાસ્ત્રાધારે કર્મના બંધનનું અને તેના વિપાકનું કિંચિત્ સ્વરુપ જણાવીએ છીએ. કર્મ-બંધન અને તેનાવિપાકનું કિંચિત્ સ્વરૂપ અને તે સાથે આત્માને પરમાત્મપદ પ્રાપ્તિનું સ્વરૂપ પણ શાસ્ત્રથી અવિરુધ્ધ ભાવે સંક્ષેપથી જણાવીએ છીએ.

અનાદિથી કર્મોના સંબંધથી જકડાતો આત્મા, કાર્મણ શરીર (આત્માએ પોતે કષાય પરિણામ અને યોગ હેતુ વડે બાંધેલા કર્મો):સાથે ક્ષીર-નીરવત્ સંબંધવાળો જ્યાં સુધી છે, ત્યાં સુધી આત્મા જન્મ-મરણ-રહિત શાશ્વત સિધ્ધ ગતિને પામતો નથી. આનું કારણ એ છે કે કાર્મણ શરીર

(બાંધેલા કર્મો) વિશિષ્ટભાવે આત્માને અનુસરે છે. જેથી આત્મા
ગતિમાં ભમ્યા કરે છે. ચારે ગતિમાં આત્મા ઔદારિકાદિ શરીરને, કર્મ
નીયના ઉદયે દેહાધ્યાસથી આત્મીય ભાવે અનુસરીને નવીન કર્મો બાં
ભવાંતરમાં એટલે• એક ગતિમાંથી બીજી ગતિમાં આત્મા–બાંધેલા કર્મ
કાર્મણ શરીર, સહિત જતો હોવાથી, તે થકી ઉદયાનુસારે નવીન
રિકાદિ શરીરની રચના કરી, તે શરીર સંબંધે ફરી મન-વચન
કાય યોગ દ્વારા અનેક પ્રકારના કર્મોનું ગ્રહણ–બંધન કરે છે. આ
(૨) પ્રકારનો હોય છે. (૧) કષાય સહિતનો, તે સાંપરાયિક યોગ, (૨)
રહિતનો, તે ઇર્યાપથિક યોગ, તેમાં તો સાંપરાયિક યોગ, તે જો કાર્ય કાર
સાક્ષેપ હોય તે–અભિસંધિજ, અને સમુર્ચ્છિમની જેમ કાર્ય કારણભાવ
હોય તો અનભિસંધિજ આમ બે પ્રકારના હોય છે. પ્રથમ તો આ
વીર્યગુણનું તે પ્રવર્તન સલેશી અને અલેશી એમ બન્ને પ્રકારે પ્રવર્તે
પ્રથમ સલેશીવીર્ય પ્રવર્તનમાં **આત્મ પ્રદેશોનું મન-વચ**
કાયયોગાન્તર્ગત વર્ગણાઓ સાથે જે પરિસ્પંદન,
યોગ અને તદ્ હેતુક જે આત્માનો પરિણામ તે
જાણવો. વ્યવહાર નય દૃષ્ટિએ દ્રવ્ય યોગ. શુભ તેમજ અશુ
પ્રકારનો હોઈ શકે છે, પરંતુ શુભાશુભ મિશ્ર યોગ હોતો નથી. નિશ્ચય
દૃષ્ટિએ શુભ કે અશુભ એકજ પ્રકારનો યોગ જાણવો. દ્રવ્યયોગ દ્વા
આત્મા કાર્મણ વર્ગણાઓનું ગ્રહણ કરે છે. અને તે સાથે જ તે સ
જ ભાવયોગ મુજબ ગ્રહિત સકળ કાર્મણ વર્ગણાઓમાં પ્રકૃતિ, સ્થિતિ,
અને પ્રદેશ વિભાગની રચના કરીને, કાર્મણ શરીર સાથે તેને જોડી દે
દે છે, તેને કર્મબંધ જાણવો, સાંપરાયિક યોગને શાસ્ત્રમાં કષાય ભાવ
અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ
ભેદથી, ક્રોધ–માન–માયા અને લોભરૂપ કષાય પરિણામથી (૧૬)
પ્રકારના મુખ્યતયા જણાવેલ છે. અને દ્રવ્યયોગને જઘન્ય–મધ્યમ
ઉત્કૃષ્ટ શુભાશુભતા વડે મુખ્યતયા (૬) છ પ્રકારના લેશ્યાના સ્વરૂ
જણાવેલ છે. અને તે સાથે તેમાં પણ દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યાનાં
પણ જણાવેલ છે.

ઉપર જણાવેલ યોગ વીર્ય સ્વરૂપથી તેમજ વિવિધ કષાય પરિણામથી આત્મપ્રદેશ સાથે કરેલ કર્મબંધન પણ અનેકવિધ વિવિધ વડે અનેક સ્વરૂપવાળું હોય છે. તે વળી સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત નિકાચિત એમ ચાર સ્વરૂપવાળું હોય છે. આ પ્રમાણે આત્મ પરિણામથી પ્રત્યેક સમયે જે-જે હેતુઓ વડે જે-જે પ્રકારના થાય છે તેમજ કરણવિશેષથી બાંધેલા કર્મોમાં જે જે ફેરફારો થતાં તેનું વિસ્તારથી યથાર્થ સ્વરૂપ ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી લેવું. વળી કષાયરહિત જે યોગ તે ઈર્યાપથિક યોગ જાણવો, અને નું આત્મગુણોમાં પ્રવર્તન તે અલેશી-અકરણ વીર્ય પ્રવર્તન જાણવું. કરણ વીર્ય પ્રવર્તનને શાસ્ત્રકારોએ ભાવ ચારિત્ર કહ્યું છે.

आत्मानमात्मना वेत्ति, मोहत्यागाद् यदात्मनि
तदेव तस्य चारित्रं, तज्ज्ञानं तच्च दर्शनम्

ણ આ માટે કહ્યું છે કે,

"ज्ञानदशा जे आकरी, तेह चरण विचारो;
निर्विकल्प उपयोगमां, नहि कर्मनो चारो"

સ્પષ્ટ સમજવું કે આત્માની આત્મ જ્ઞાનમાં રમણતા, અને સ્થિરતા રિત્ર ગુણ છે. કેવળી પરમાત્માઓ અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે રે, છેલ્લે તેરમા (૧૩) ગુણસ્થાનને અંતે, સુક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ ધ્યાન ક્રિયા વડે, ઉપર જણાવેલ બન્ને પ્રકારના ઔદારિક યોગ થઈને, (૧૪) ચૌદમે ગુણસ્થાનકે આવે છે. ત્યાં મેરૂની જેમ નિષ્પ્રકંપ ી પરમાત્માઓ, યોગરહિત હોવાથી કાર્મણ વર્ગણાઓનું ગ્રહણ નથી, તેથી તે વખતે ચૌદમે ગુણસ્થાનકે તેમને કોઈજ કર્મબંધન હોતું પાંચ હ્રસ્વસ્વર ઉચ્ચાર માત્રકાળ ચૌદમે ગુણસ્થાનકે તેઓ વ્યુચ્છિન્ન

ક્રિયા નિવૃત્તિ શુક્લધ્યાનના ચોથા પાયાની ક્રિયા વડે, બાકી ર
ચારે અઘાતિ કર્મોનો, સર્વથા ક્ષય કરી પોતાના આત્માને કાર્મણ શરી
સર્વથા મુક્ત કરી, એકજ સમયની શીઘ્ર ગતિએ, તેઓ સિદ્ધિગતિને
કરે છે, ત્યાં તે પરમાત્મા પોતાના અક્ષય-અનંત-શાશ્વત પૂર્ણ શુદ્
રૂપના અનંત સુખને, અવ્યાબાધપણે સાદિ અનંતમે ભાંગે ભોગવે

એમ કર્મબંધનના વિવિધ સ્વરૂપને, તેના કિંચિત્ વિપાકો સ
સંક્ષેપમાં જણાવીએ છીએ.

આત્મા સામાન્યથી જે આઠ (૮) પ્રકારના કર્મો બાંધે છે,
ઉત્તર ભેદો (૧૨૦) છે તેનું કિંચિત્ સ્વરૂપ નીચે મુજબ જાણવું.

(૧) **જ્ઞાનાવરણીયકર્મ** :— તેના ઉત્તરભેદો (૫) છે. (૧)
જ્ઞાનાવરણ (૨) શ્રુતજ્ઞાનાવરણ (૩) અવધિજ્ઞાનાવરણ (૪) મનઃપર્યવજ્ઞા
વરણ અને (૫) કેવળજ્ઞાનાવરણ.

(૨) **દર્શનાવરણીયકર્મ** :— તેના ઉત્તરભેદો (૯) છે.
ચક્ષુદર્શનાવરણ (૨) અચક્ષુદર્શનાવરણ (૩) અવધિદર્શનાવરણ (૪) કે
દર્શનાવરણ (૫) નિદ્રા (૬) નિદ્રા-નિદ્રા (૭) પ્રચલા (૮) પ્રચલા-પ્ર
અને થીણદ્ધી-નિદ્રા.

(૩) **વેદનીયકર્મ** :— તેના (૨) ભેદો છે. (૧) શાતાવેદ
(૨) અશાતાવેદનીય.

(૪) **મોહનીયકર્મ** :— તેના બંધમાં (૨૬) ભેદો છે -
ઉદયમાં (૨૮) ભેદો હોય છે.

અનંતાનુબંધી—ક્રોધ-માન માયા-લોભ, અપ્રત્યાખ્યાની-ક્રોધ-મ
માયા-લોભ. પ્રત્યાખ્યાની-ક્રોધ-માન-માયા-લોભ ,સંજ્વલન-ક્રોધ-મા
માયા-લોભ. એ ચારે પ્રકારના કષાયોના કુલ મળીને (૧૬) તેમજ નવનો

ષના તે (૧૭) હાસ્ય (૧૮) રતિ (૧૯) અરતિ (૨૦) ભય, (૨૧) શોક
) જુગુપ્સા (૨૩) સ્ત્રીવેદ (૨૪) પુરુષવેદ (૨૫) નપુંસકવેદ અને (૨૬)
ત્વ-મોહનીય. આ પ્રમાણે બંધમાં આ છવ્વીસ પ્રકૃતિઓ જાણવી.
રે ઉદયમાં (૧) સમ્યક્ત્વ મોહનીય (૨) મિશ્ર મોહનીય એ બે વધુ
છે, તેથી ઉદયમાં કુલ (૨૮) ભેદો હોય છે.

(૫) **આયુષ્ય કર્મ** :— તેના ગતિ આશ્રિ ચાર ભેદો છે.
નારક આયુષ્ય (૨) તિર્યગાયુષ્ય (૩) મનુષ્યાયુષ (૪) દેવાયુષ.

(૬) **નામકર્મ** :— તેના ઉત્તરભેદો (૬૭) છે. (૧) ગતિનામ-
, (૨) શરીરનામકર્મ, (૩) અંગોપાંગનામકર્મ (૪) સંઘયણનામકર્મ
સંસ્થાનનામકર્મ (૬) વર્ણ-ગંધ-રસ-સ્પર્શનામકર્મ (૭) આનુપૂર્વીનામ-
(૮) વિહાયોગતિનામકર્મ - કુલ (૩૯) પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત,
ગુરુલઘુ, તીર્થંકર અને નિર્માણ, ઉપઘાત એ આઠ (૮) મળીને (૪૭)
ત્રસદશકના (૧૦) અને સ્થાવરદશકના (૧૦) મળી કુલ (૬૭) ભેદો
ધમાં હોય છે, જ્યારે સત્તામાં તેના (૧૦૩) ભેદો હોય છે. તેનું સ્વરૂપ
સ્ત્રમાંથી જાણી લેવું.

(૭) **ગોત્રકર્મ** :— તેના (૨) ભેદ છે. (૧) ઉચ્ચગોત્ર
) નીચગોત્ર.

(૮) **અંતરાયકર્મ** :— તેના (૫) ભેદો છે. (૧) દાનાંતરાય
) લાભાંતરાય (૩) ભોગાંતરાય (૪) ઉપભોગાંતરાય (૫) વીર્યાન્તરાય.

ઉપર જણાવ્યા મુજબ આઠે કર્મના (૧૨૦) ભેદો બંધમાં (૧૨૨)
દો ઉદયમાં, અને (૧૫૮) ભેદો સત્તામાં શાસ્ત્રમાં જણાવેલ છે.

ઉપર જણાવેલ આઠે કર્મોમાંથી પ્રત્યેક સમયે સામાન્યથી દરેક જીવ
આયુષ્ય સિવાયના સાતે કર્મો બાંધે છે અને એકજ પરભવનું આયુષ્ય-

મોહનીયકર્મ :– આ કર્મના વિપાકોદયે આત્મા પર પરિણામમાં, ગમની આસક્તિ, મોહ (આસક્ત) બને છે, આથી કર્મની (૨૮) એ પ્રકૃતિઓ આત્માના ક્ષાયોપશમિક જ્ઞાન દર્શન અને ચા ગુણોને, ઘાતક તેમજ મલિન કરનાર હોવાથી, શુદ્ધ આત્માને આત્મા આનંદ થવા દેતી નથી, અને તેથી પરભાવમાં મુગ્ધ બનાવે છે. માટે અઠ્ઠાવીશે પ્રકૃતિઓ ઘાતી ગણાતી જાણવી.

અંતરાયકર્મ :— આ કર્મના વિપાકોદયે આત્મા, પ્રાપ્ત ગુણ યથા-તથ્ય પ્રવર્તન કરી શકતો નથી, તેથી તેની (૫) પાંચ પ્રકૃતિ ઘાતી ગણાતી છે.

ઉપરના ચાર ઘાતી કર્મ–સિવાયના, વેદનીય કર્મની (૨), આયુ કર્મની (૪), નામકર્મની (૬૭) અને ગોત્રકર્મની (૨) એ ચારે કર્મ કુલ (૭૫) પ્રકૃતિઓ મૂળ–આત્મ–ગુણને સાક્ષાત્ (સીધો) ઉપઘાત કરતી ન હોવાથી અઘાતી છે.

ઘાતીકર્મની પ્રકૃતિ=૪૫	અઘાતીકર્મની પ્રકૃતિ=
(૫) જ્ઞાનાવરણીય	(૨) વેદનીય
(૯) દર્શનાવરણીય	(૬૭) નામકર્મ

(૨૬) મોહનીય	(૪) આયુષ્ય કર્મ
(૫) અંતરાય.	(૨) ગોત્રકર્મ
૪૫	૭૫

ઉપર મુજબ અઘાતી કુલ (૧૨૦) પ્રકૃતિઓમાં (૪૫) ઘાતી અને (૭૫) અઘાતી છે, તેમાં વળી (૨૫) પ્રકૃતિઓ દેશઘાતી છે, અને (૨૦) પ્રકૃતિઓ સર્વઘાતી છે, એટલે કે જે પ્રકૃતિઓના ઉદયે, આત્માનો ગુણ સર્વથા અવરાયેલ હોય, તે સર્વઘાતી, અને જે પ્રકૃતિના ઉદયે, તેનો ક્ષયોપશમ કરી, કિંચિત્ ગુણ પ્રગટાવી શકાય, તે-દેશઘાતી પ્રકૃતિ જાણવી.

સર્વઘાતી પ્રકૃતિ (૨૦)	દેશઘાતી પ્રકૃતિ (૨૫)
(૧) કેવળજ્ઞાનાવરણીય	(૪) મતિ, શ્રુત, અવધિ મનઃપર્યવ જ્ઞાનાવરણીય એ ચાર.
(૧) કેવળદર્શનાવરણીય	(૩) ચક્ષુ, અચક્ષુ, અવધિ દર્શનાવરણીય, એ ત્રણ
(૫) નિદ્રા, નિદ્રા-નિદ્રા, પ્રચલા. પ્રચલા-પ્રચલા, થિણધ્ધી	(૫) દાન-લાભ-ભોગ—ઉપભોગ અને વીર્યાંતરાય એ પાંચ.
(૪) અનંતાનુબંધી કષાય	(૪) સંજ્વલન-ચારે-કષાય
(૪) અપ્રત્યાખ્યાની કષાય	(૯) હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક જુગુપ્સા, સ્રીવેદ—પુરુષવેદ નપુંસકવેદ નવ નોકષાય.
(૪) પ્રત્યાખ્યાની કષાય	
(૧) મિથ્યાત્વ મોહનીય	
(૨૦) કુલ સર્વઘાતી પ્રકૃતિ.	(૨૫) કુલ દેશઘાતી પ્રકૃતિ.

ઉપરની (૪૫) ઘાતીકર્મની પ્રકૃતિઓનું વળી કિંચિત્ વિશેષ-સ્વરૂપ નીચે મુજબનું પણ સમજવું જરૂરી છે.

(૧) મતિજ્ઞાનાવરણ
(૧) શ્રુતજ્ઞાનાવરણ
(૧) અચક્ષુદર્શનાવરણ
(૫) અંતરાય
—
૮

આ આઠે પ્રકૃતિઓ બંધમાં સર્વઘા
હોવા છતાં ઉદયમાં દેશઘાતી પણ
ઉદયમાં આવતી હોવાથી દરેક જીવને
આઠે પ્રકૃતિઓનો ઓછો-વત્તો ક્ષયો
પશમ હોય છે જ.

(૧) અવધિજ્ઞાનાવરણ
(૧) મનઃ પર્યવજ્ઞાનાવરણ
(૧) ચક્ષુદર્શનાવરણ
(૧) અવધિદર્શનાવરણ
—
૪

આ ચારે પ્રકૃતિઓ બંધમાં સર્વઘાતી
પરંતુ ઉદયમાં સર્વઘાતી તેમજ દેશઘા
એ બન્ને રૂપે પણ ઉદયમાં આવે
તેથી દેશઘાતી ઉદયે તેનો તે મુજબ
ક્ષયોપશમ હોય છે.

(૧) કેવળજ્ઞાનાવરણ
(૧) કેવળ-દર્શનાવરણ
(૫) નિદ્રા-પંચક
—
૭

આ સાતે પ્રકૃતિઓ બંધમાં સર્વઘ
છે, તેમજ ઉદયમાં પણ સર્વઘાતી
તેથી તેના ઉદયે જીવને રૂપારૂપી વિ
પ્રત્યક્ષ સંપૂર્ણ સ્પષ્ટાવબોધ હોતો નથ

કોઈપણ જીવ જ્ઞાન-દર્શન ગુણના ઉપયોગ રહિત ક્યારેય હોતો નથી.
સર્વ ઘાતી કર્મ પ્રકૃતિઓનો ઉદયપણ એક સરખો હોતો નથી પરંતુ તેમાં
તીવ્ર-મંદતા હોય છે, આમ છતાં, એ સ્પષ્ટ સમજવું કે, કોઈપણ જી
અરૂપી-પ્રત્યક્ષ ઓછુ-વત્તું કેવળજ્ઞાન અને કેવળદર્શન ક્યારેય હોતું ન
જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને મોહનીયકર્મના બંધ અને ઉદય સં
શાસ્ત્રમાં જણાવેલ છે કે, જ્ઞાનાવરણીયકર્મના ઉદયે જીવ, દર્શનાવરણ
કર્મ બાંધે છે અને નિદ્રાદિ પ્રમાદરૂપ તીવ્ર દર્શનાવરણીયકર્મના ઉ
જીવ, દર્શનમોહનીય કર્મ બાંધે છે. અને મિથ્યાત્વ (દર્શન) મોહનીય
ઉદયે જીવ, આઠે કર્મ બાંધે છે. આથી આત્માર્થી આત્માઓને અપ્રમ
તેમજ સમ્યગ્ જ્ઞાનોપયોગરૂપ જ્ઞાનક્રિયાનું મહત્ત્વ આપોઆપ સમજાય

) અનંતાનુબંધી કષાયો) અપ્રત્યાખ્યાની કષાયો) પ્રત્યાખ્યાની કષાયો) મિથ્યાત્વ (દર્શન) મોહનીય	આ (૧૩) તેર પ્રકૃતિઓ બંધમાં પણ સર્વઘાતી છે. અને ઉદયમાં પણ સર્વઘાતી છે, એટલે **તીવ્ર રસોદય સહિત-ઉદય હોતે છતે**, તેનો ક્ષયોપશમ હોતો નથી.
) સંજ્વલન કષાયો) નો કષાયો હાસ્યાદિ - ષટ્ક તેમજ ૩-વેદ	આ (૧૩) તેર પ્રકૃતિઓનો બંધ સર્વઘાતી છે તથાપિ દેશઘાતી રૂપેજ ઉદયમાં આવતી હોવાથી તેનો **રસોદય ક્ષયોપશમનો વિરોધી નથી** આથી ઉદય વખતે તેનો ક્ષયોપશમ થઈ શકે છે.

ઉપરની હકીકતથી સમજાશે કે સર્વઘાતી મોહનીય કર્મના મંદ રોદય વખતે, આત્મા-જ્ઞાનાવરણીયના વિશિષ્ટ ક્ષયોપશમ દ્વારા, મોહનીય ર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરી શકે છે. આથીજ જ્ઞાનચેતનામાં ાનાવરણીય કર્મોના ક્ષયોપશમની મહત્તા સર્વે આપ્ત પુરુષોએ સ્વીકારેલ છે.

કર્મફળચેતના :— જીવને, સુખ કે દુઃખનો પરિણામ, તે ર્મફળચેતના સમજવી. સમસ્ત સંસારી જીવોને પોત-પોતાની, શુભાશુભ વૃત્તિ-નિવૃત્તિ વડે તેના ફળ સ્વરૂપી સુખ-દુઃખનો પરિણામ હોય છે. ા પરિણામ, જીવમાત્રને ઈષ્ટાનિષ્ટ પદાર્થના સંયોગ-વિયોગથી ઉત્પન્ન ાય છે, કર્મફળચેતના માટે જીવની સમસ્ત પ્રવૃત્તિ અને તે થકી પ્રાપ્ત તા સંયોગ-વિયોગને જાણવા જરૂરી છે. પૂર્વે કર્મ-ચેતનામાં સમસ્ત ર્મ પરિણામનું કિંચિત્ સ્વરૂપ જણાવેલ છે, શાસ્ત્રોમાં તેને ઔદયિક ાવનું સ્વરૂપ કહેલ છે તે ઉપરાંત જે જે જીવને જે જે સ્વરૂપે, ઉપશમિક, ાયિક અને ક્ષયોપશમિક ભાવનું આત્મ પરિણમન હોય છે, તે થકી પણ તે

આત્માને શુધ્ધ ભાવે કર્મફળ ચેતનાનું આસ્વાદન હોય છે. કેમકે પ્રતિ આત્મ-પરિણમન-રૂપ, ક્રિયાનું આસ્વાદન દરેક આત્માને અવશ્ય હોય છે તેથી જ શુધ્ધ સાધ્ય-સાધન દાવમાં, આત્મિક શુદ્ધિના, અનુભવમાં સાધક પ્રીતિ, પ્રતીતિ, અને રૂચી પ્રગટાવવા કહ્યું છે કે :—

"निर्विकल्प-ध्येय-अनुभवे, अनुभव-अनुभवनी प्रीत रे,
ओर न कबहु लखी शके, आनंदघन प्रीत प्रतीत रे"

જો-કે કેવળ-સંપૂર્ણ, શુદ્ધ ક્ષાયિક ભાવના સિધ્ધ પરમાત્મ અનંત-અક્ષય સ્વરૂપને સર્વે કેવળી ભગવંતો જાણે તો છે તથાપિ તેઓ પણ સંપૂર્ણ સ્વરૂપે તેને શબ્દથી યથાર્થ જણાવી શ નથી. આ માટે કહ્યું છે કે :—

"यतो वाचो निवर्तन्ते, न यत्र मनसो गतिः ।
शुद्धानुभव संवेद्यं, तद्रुपं परमात्मनः ॥"

આમ છતાં કથંચિત્ વકતવ્ય ભાવે જણાવેલ છે કે,

"शब्दोपरं तद्रुपं, बोधकृन्नय पद्धतिः ।
निर्विकल्पं तु तद्रुपं, गम्यं नानुभवं विना ॥"

આથી સિધ્ધ પરમાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપને જણાવતાં શા કારોએ જણાવ્યું છે કે:

"अविद्या जनितैः सर्वे-विकारैरनुपद्रुतः ।
व्यक्तया शिवपदस्थोऽसौ, शक्तया जयति सर्वगः ॥

અનાદિ સંસારી આત્મા પોતે પૂર્વે બાંધેલા અષ્ટવિધ દ્રવ્ય કર્મોના ઉદ નુસારે, ચારગતિમાં પ્રાપ્ત શુભાશુભ સંયોગ-વિયોગ રૂપનોકર્મના નિ

રાગ-દ્વેષાદિરૂપ ભાવ કર્મ કરવા વડે, નવીન અનંતા-અનંત કર્મોનો સમયે-સમયે બંધ કરે છે. આ કર્મ બંધની પરંપરામાંથી આત્માએ-આત્માને છોડાવવા માટે, પ્રથમ તો, સમ્યગ્દર્શન વડે, દ્રવ્ય કર્મના ફળ પ્રાપ્ત, નોકર્મથી એટલે દેહ, ધન, સ્ત્રી, પુત્ર-પુત્રાદિકના મમત્વરૂપ પરિણતથી આત્માને, દ્રવ્યથી તેમજ ભાવથી અળગો કરીને જાણીએ, આ રીતનો-કર્મથી અળગો થયેલો આત્મા અનુક્રમે રાગ-દ્વેષનો સંપૂર્ણ ક્ષય કરીને, સંપૂર્ણ વીતરાગતા વડે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને, અંતે અયોગી થઈને સર્વ દ્રવ્ય કર્મો (કાર્મણશરીર)થી મુક્ત થઈ મોક્ષ પદને પ્રાપ્ત કરે છે.

ઉપર જણાવેલ કર્મક્ષયના અનુક્રમ માટે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે :-

पुव्विं रागाइयाविभावा, मव्वओ विभज्जिज्जा,
पच्छा दव्वा कम्मा, सव्वविभिन्नो निओ अप्पा ॥

તેમજ કર્મ બંધ માટે પણ કહ્યું છે કે,

पर संगेण वंधो, मोक्खो परभाव चायणे होई
सव्व दोसाण मूलं. परभावाणुभव परिणामो ।

સંસારી આત્માને કર્મોદયાનુસારે અનિચ્છાએ પણ આ સંસારમાં ચોરાશી લાખ જીવાયોનિમાં જન્મ-મરણના દુઃખો ભોગવવાં જ પડે છે. અનંતા કાળથી ભોગવવી પડતી અનંતા દુઃખોની આ ભવ-પરંપરામાંથી મુક્ત થવા પૂર્વે અનેક આત્માર્થી-આત્માઓએ સર્વજ્ઞ અને સર્વદર્શી દેવશ્રી ભગવંતોએ. ઉપર જણાવ્યા મુજબના ઉપાયમાં, શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરીને, વિધિ માર્ગને અનુસરીને, જન્મ-મરણ રહિત મોક્ષપદની પ્રાપ્તિ કરી છે આ સ્વરૂપને ગીતાર્થ ગુરુભગવંતની નિશ્રાએ શાસ્ત્રાધારે કથાનુ-યોગથી યથાર્થ જાણીને, અનુક્રમે ગુણસ્થાનક ક્રમારોહણ વડે, આત્માને પૂર્ણ શુદ્ધ કરવા પ્રથમ-જ્ઞાનાદિ અનંત ચતુષ્ક ગુણની અક્ષય સ્વાધીનતાનો,

આત્માને શુદ્ધ ભાવે ક્રમિક [illegible] આસ્વાદન હોય છે. [illegible] આત્મ-પરિણમન-રૂપ, ક્રિયાનું આસ્વાદન [illegible] આત્માને [illegible] તેથી [illegible] આત્મિક શક્તિના, અનુભવ [illegible] પ્રતીતિ, અને [illegible] કર્યું છે કે :—

> "निर्विकल्प-ध्येग-अनुभवे, अनुभव-अनुभवनी प्रीत रे,
> ओर न कबहू लखी शके, आनंदघन प्रीत प्रतीत रे"

[illegible]

> [illegible]

[illegible]

> [illegible]

[illegible]

> [illegible]

[illegible]

રાગ-દ્વેષાદિરૂપ ભાવ કર્મ કરવા વડે, નવીન અનંતા-અનંત કર્મોનો સમયે-સમયે બંધ કરે છે. આ કર્મ બંધની પરંપરામાંથી આત્માએ-આત્માને છોડાવવા માટે, પ્રથમ તો, સમ્યગ્દર્શન વડે, દ્રવ્ય કર્મના ઉદયે પ્રાપ્ત, નોકર્મથી એટલે દેહ, ધન, સ્ત્રી, પુત્ર-પુત્રાદિકના મમત્વરૂપ પરિગ્રહથી આત્માને, દ્રવ્યથી તેમજ ભાવથી અળગો કરવો જોઇએ, આ રીતેનો-કર્મથી અળગો થયેલો આત્મા અનુક્રમે રાગ-દ્વેષનો સંપૂર્ણ ક્ષય કરીને, સંપૂર્ણ વીતરાગતા વડે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને, અંતે અયોગી થઇને સર્વ દ્રવ્ય કર્મો (કાર્મણશરીર)થી મુક્ત થઈ મોક્ષ પદને પ્રાપ્ત કરે છે.

ઉપર જણાવેલ કર્મક્ષયના અનુક્રમ માટે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે :-

पुव्विं रागाइयाविभावा, सव्वओ विभज्जिज्जा,
पच्छा दव्वा कम्मा, सव्वविभिन्नो निओ अप्पा ॥

તેમજ કર્મ બંધ માટે પણ કહ્યું છે કે,

पर संगेण बंधो, मोक्खो परभाव चायणे होई
सव्व दोपाण मूलं, परभावाणुभव परिणामो ।

